Seat No. : ______________

# MD-113

**March-2025**

**B.Ed., Sem.-IV**

**B-101 : Gujarati**

**Time : 2½ Hours]** **[Max. Marks : 70**

1. નીચેનામાંથી કોઈપણ **એક** પ્રશ્ન સમૂહનો ઉત્તર આપો : **14**
   (A) માતૃભાષા શિક્ષકની લાયકાત તથા ઉત્તરદાયિત્વ વિશે નોંધ લખો.
   (B) રાજેન્દ્ર શાહને કઈ કૃતિ માટે જ્ઞાનપીઠ એવોર્ડ મળ્યો હતો ? આ કૃતિની વિશિષ્ટતાઓ જણાવો.

   **અથવા**

   (A) રઘુવીર ચૌધરીનું ગુજરાતી સાહિત્યમાં વિવિધ ક્ષેત્રે કરેલું પ્રદાન જણાવો.
   (B) પન્નાલાલ પટેલના જીવનનો પરિચય આપી 'માનવીની ભવાઈ'નો સારાંશ લખો.

2. નીચેનામાંથી કોઈપણ **એક** પ્રશ્ન સમૂહનો ઉત્તર આપો : **14**
   (A) સામાન્ય હેતુઓ અને વિશિષ્ટ હેતુઓ વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો.
   (B) માતૃભાષા શિક્ષકની વ્યાવસાયિક સજ્જતા વિશે ચર્ચા કરો.

   **અથવા**

   (A) શૈક્ષણિક હેતુઓનો અર્થ સ્પષ્ટ કરી તેનું મહત્વ જણાવો.
   (B) માતૃભાષાના શિક્ષણ દ્વારા તમે વિવિધ પ્રકારના મૂલ્યોનું શિક્ષણ કેવી રીતે આપશો ? ચર્ચો.

3. નીચેનામાંથી કોઈપણ **એક** પ્રશ્ન સમૂહનો ઉત્તર આપો : **14**
   (A) ધોરણ-9 ગુજરાતીના પાઠ્યપુસ્તકનું મૂલ્યાંકન કરો.
   (B) ભાષા સાહિત્ય મંડળની સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ જણાવો.

   **અથવા**

   (A) ગુજરાત વિધાનસભા અને ગુજરાત સાહિત્ય પરિષદના કાર્યો જણાવો.
   (B) માતૃભાષાના પાઠ્યપુસ્તકનું મહત્વ સ્પષ્ટ કરો.

4. નીચેનામાંથી કોઈપણ **એક** પ્રશ્ન સમૂહનો ઉત્તર આપો : **14**
   (A) માતૃભાષાના શિક્ષક તરીકે વર્ગ શિક્ષણમાં સમાચાર-પત્રોનો ઉપયોગ તમે કેવી રીતે કરશો ? ઉદાહરણ આપી સમજાવો.
   (B) નીચેના અલંકારોની પરિભાષા આપી ઉદાહરણ સાથે સમજાવો :
      (i) ઉપમા
      (ii) વ્યતિરેક

   **અથવા**

(A) પદ્ય સમીક્ષા અને ગદ્ય સમીક્ષા કરતી વખતે કઈ-કઈ બાબતોનું ધ્યાન ભાષા શિક્ષકે રાખવું જોઈએ ?

(B) છંદ એટલે શું ? નીચેના છંદોનું બંધારણ – ગણ રચના – અક્ષરોની સંખ્યા ઉદાહરણ સહ સમજાવો :

(i) મંદાક્રાન્તા

(ii) શિખરિણી

5. નીચેનામાંથી કોઈપણ **સાત** પ્રશ્નોના ઉત્તર ટૂંકમાં આપો : **14**

(1) TET એટલે શું ?

(2) ઉમાશંકર જોષીને જ્ઞાનપીઠ એવોર્ડ ક્યારે મળ્યો ? આ એવોર્ડ કઈ કૃતિ માટે મળ્યો ?

(3) માતૃભાષા શિક્ષણના સામાન્ય હેતુઓ જણાવો.

(4) માતૃભાષા શિક્ષણમાં કયા બે નવા મૂલ્યો ઉમેરવાની જરૂર પડી ?

(5) માતૃભાષા શિક્ષકની માત્ર શૈક્ષણિક લાયકાત જણાવો.

(6) ભાષા પ્રયોગશાળાનો અર્થ સ્પષ્ટ કરો.

(7) ગદ્ય સમીક્ષા એટલે શું ?

(8) ગુજરાતી ભાષામાં પ્રગટ થતા મુખ્ય વર્તમાન પત્રોના નામ જણાવો.

(9) બેન્જામીન બ્લૂમે દર્શાવેલ શૈક્ષણિક હેતુઓના ત્રણ પ્રકાર જણાવો.

(10) અલંકાર એટલે શું ?

(11) મૂલ્ય શિક્ષણ એટલે શું ?

(12) નીચેની પંક્તિનો છંદ ઓળખાવી તેની માત્રા જણાવો :

ઓ ઈશ્વર ભજીએ તને, મોટું છે તુજ નામ
ગુણ તારા નિત ગાઈએ, થાય અમારા કામ

---